# ગુજરાત વિધાનસભા.

-----------

## પંદરમી વિધાનસભા

## આઠમું સત્ર

-----------

## દિવસના કામકાજની યાદી

શુક્રવાર, ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬

બપોરે ૦૧:૩૦ વાગ્યે

-----------

1. **<u>પ્રશ્નોત્તરી</u>**

**<u>તારાંકિત પ્રશ્નોત્તરી</u>**

(1) માનનીય કૃષિ અને ખેડુત કલ્યાણ, સહકાર, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, પ્રોટોકોલ મંત્રીશ્રી

(2) માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, ગ્રામ વિકાસ મંત્રીશ્રી

(3) માનનીય વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી

2. **<u>વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો</u>**

(1) ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**<u>.... માનનીય રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ડૉ. મનીષા વકીલ</u>**

(2) ગુજરાત રાજય વેર હાઉસીંગ કોર્પોરેશનના સન ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**<u>..... માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી રમેશભાઈ કટારા</u>**

(i) સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ

(ii) સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ

(3) ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**...... માનનીય રાજ્યકક્ષાના વન મંત્રીશ્રી પ્રવિણભાઈ માળી**

(4) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૨૩-૨૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ ઉક્ત અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**...... નર્મદા પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલ**

(5) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ

**...... માનનીય રાજ્યકક્ષાના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી પૂનમચંદ બરંડા**

(6) ગુજરાત સ્ટેટ ડેમ સેફટી ઓર્ગેનાઇઝેશનનો સન ૨૦૨૪-૨૦૨૫નો વાર્ષિક અહેવાલ

**...... માનનીય રાજ્યકક્ષાના જળસંપત્તિ મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલ**

## 3. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

## 4. બિન-સરકારી કામકાજ

### બિન-સરકારી સંકલ્પો

(1) **માનનીય સભ્યશ્રી અમુલ ભટ્ટનો સંકલ્પ (૬૦ મિનિટ)**

રાજ્ય સરકાર દ્વારા તા.૧૧મી ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ અમદાવાદ ખાતે ગુજરાત સ્પોર્ટસ સ્ટાર્ટઅપ કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું. તદનુસાર રાજ્ય સરકાર દ્વારા ટ્રાન્સસ્ટેડિયા યુનિવર્સિટીના સહયોગથી સ્પોર્ટસ સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા માટે એક યોજના હાથ ધરવામાં આવી છે. આ યોજનામાં રમતજગત સાથે સંકળાયેલા વિવિધ માધ્યમો જેવાં કે સ્પોર્ટસ સ્ટાર્ટઅપ કરવા માટે ઉત્સાહિત એજન્સીઓ, રમતગમતના ક્ષેત્ર સાથે સંકળાયેલા નીતિજ્ઞો તેમજ ઉદ્યોગ સાહસિકોને એક મંચ પર લાવીને રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ એક મંચની સ્થાપના કરવામાં આવે. આમ થવાથી રમતગમતના ક્ષેત્રને પ્રોત્સાહન મળે અને રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ વિવિધ રમતગમતના ક્ષેત્રો વચ્ચે સહકારની ભાવના વધે, તેમની સંસ્થાગત અને વ્યાપારી ઈકો સિસ્ટમ મજબૂત બને તેવો ઉદ્દેશ ફળીભૂત થાય. વધુમાં જુદી જુદી રમતો સાથે સંકળાયેલા રમતવીરોને પ્રોત્સાહન મળશે. રમતગમત વિશે વિશિષ્ટ જ્ઞાન ધરાવતા તજજ્ઞો દ્વારા યોગ્ય માર્ગદર્શન મળતાં રમતવીરો રાજ્ય, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાના પ્રદર્શનથી દેશને માન અપાવવા સક્ષમ બનશે. વળી રમતને લગતા તમામ પ્રકારના સાધનો દેશમાં જ બનતાં ઉદ્યોગકારોને પણ તક મળશે અને રમતગમતના સાધનો પર આપવા પડતા વિદેશી હુંડિયામણથી મુક્તિ મળશે. આ બાબત ધ્યાને લઈ સ્પોર્ટસ સ્ટાર્ટઅપ્સને કાર્યાન્વિત કરવા અંગેના સઘન અને જરૂરી પગલાં સત્વરે ભરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

(2) **માનનીય સભ્યશ્રી ફતેસિંહ ચૌહાણનો સંકલ્પ (૬૦ મિનિટ)**

"સોમનાથ" શબ્દ સાંભળતા જ આપણા હૃદય અને મનમાં ગર્વની લાગણી જન્મે છે. તે ભારતના આત્માની શાશ્વત ઘોષણા છે. દ્વાદશ જ્યોતિર્લિંગ સ્ત્રોતમાં ભારતભરના ૧૨ જ્યોતિર્લિંગનો ઉલ્લેખ છે, જેમાં "સૌરાષ્ટ્રે સોમનાથં ચ" એટલે પ્રથમ જ્યોતિર્લિંગ તરીકે સોમનાથ આદિકાળથી માનવ સભ્યતાનું પ્રતિક છે. સોમનાથ મંદિર ભારતની આધ્યાત્મિક, ધાર્મિક અને સાંસ્કૃતિક ધરોહરનું પ્રતિક છે. અનેક આક્રમણો છતાં મંદિરનું વારંવાર પુનઃનિર્માણ ભારતીય સંસ્કૃતિની અતૂટ આસ્થાનું જીવંત પ્રતિક છે.

સોમનાથ મંદિર પર થયેલ પ્રથમ આક્રમણ ઈ.સ. ૧૦૨૬ને વર્ષ ૨૦૨૬માં ૧૦૦૦ વર્ષ પૂર્ણ થયેલ છે. ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થયા બાદ સોમનાથ મંદિરના પુનઃનિર્માણનો સંકલ્પ લોખંડી પુરૂષ શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ દ્વારા કરવામાં આવેલ. તા.૧૧મી મે, ૧૯૫૧ના રોજ દેશના તત્કાલિન રાષ્ટ્રપતિ માનનીય ડૉ.રાજેન્દ્રપ્રસાદજીના કરકમલો દ્વારા મંદિરના દ્વાર ખોલવામાં આવ્યા. ચાલુ વર્ષે મંદિરના પુનર્નિર્માણ અને લોકાર્પણને ૭૫ વર્ષ પૂર્ણ થયેલ છે. આ ઐતિહાસિક અવસરને યાદગાર બનાવવા માટે "સોમનાથ સ્વાભિમાન પર્વ – અતૂટ આસ્થા" નામે રાષ્ટ્રીય સ્તરે વર્ષભર ઉજવણી કરવાનો નિર્ણય ભારત સરકાર દ્વારા લેવામાં આવ્યો છે.

તાજેતરમાં જાન્યુઆરી માસમાં સોમનાથ ખાતે " સોમનાથ સ્વાભિમાન પર્વ- અતુટ આસ્થાના ૧૦૦૦ વર્ષ"નું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે ભારતના લોકલાડીલા માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજી ઉપસ્થિત રહ્યા હતા.

આ પર્વમાં ૭૨ કલાકના અખંડ ઓમકાર નાદ અને ભજન થકી સોમનાથનું વાતાવરણ અલૌકિક અનુભૂતિ સાથે દિવ્ય બન્યુ હતું. આ દરમ્યાન લાખોની સંખ્યામાં ભકતોએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. વિવિધ કલાકારો સાથે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું.

સોમનાથ સ્વાભિમાન પર્વ કે જે ભારતની અતૂટ આસ્થા, સાંસ્કૃતિક સ્વાભિમાન અને ઐતિહાસિક ચેતનાનું રાષ્ટ્રીય અભિયાન બનેલ છે, તેને આપણે સૌ ગૌરવભેર વધાવીએ અને દેશભરમાં આધ્યાત્મિક એકતા, સાંસ્કૃતિક ગૌરવની ભાવના ફેલાવવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

(3) ×× **માનનીય સભ્યશ્રી દિવ્યેશભાઇ અકબરીનો સંકલ્પ**

આપણા આદરણીય વડાપ્રધાનશ્રી અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના દ્રષ્ટિવાન નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૦૩માં શરૂ થયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ આજે વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત ગ્લોબલ ફોરમ્સ પૈકીનું એક ફોરમ બની ગયું છે. જે બિઝનેસ નેટવર્કીંગ/નોલેજ શેરીંગ અને સ્ટ્રેટેજીક પાર્ટનરશીપ માટેનો એક વૈશ્વિક મંચ છે. જે સર્વ સમાવેશક વૃદ્ધિ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટને પ્રોત્સાહિત કરે છે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટની સફળતાના કારણે ગુજરાત રાજ્ય એગ્રો, ફૂડ-પ્રોસેસીંગ અને ડેરી, ઓટો-મોબાઇલ અને ઓટો-કમ્પોનન્ટ્સ, ફાર્માસ્યુટીકલ્સ, કેમીકલ્સ અને પેટ્રો-કેમીકલ્સ, સિરામિક્સ, ઇલેક્ટ્રીકલ ઇક્વીપમેન્ટ્સ, પોર્ટ્સ અને મેરીટાઇમ, ટેક્ષ્ટાઇલ, જેમ્સ અને જ્વેલરી, વગેરે. જેવા ક્ષેત્રોમાં અગ્રણી તરીકે ઉભરી આવ્યું છે અને રીન્યુએબલ એનર્જી, ફાયનાન્શિયલ સર્વિસીસ, સેમી-કન્ડક્ટર, એરક્રાફ્ટ મેન્યુફેક્ચરિંગ અને હાઇ-ટેક મેન્યુફેક્ચરિંગ જેવા વૈવિધ્યપૂર્ણ નવા અને ઉભરતા ક્ષેત્રોને વિકસાવવામાં રાજ્યને નવી દિશા આપી છે.

વાયબ્રન્ટ ગુજરાતના સફળ મોડેલને વધુ વિસ્તૃત કરીને વિકસિત ભારત@૨૦૪૭ સાથે વિકસિત ગુજરાત@૨૦૪૭નુ વિઝન સાકાર કરવા તથા ક્ષેત્રિય આકાંક્ષાઓને વૈશ્વિક મહત્વાકાંક્ષાઓમાં પરિવર્તિત કરવાના હેતુ સાથે ગુજરાત સરકાર રાજ્યના વિવિધ પ્રદેશોમાં વાયબ્રન્ટ ગુજરાત રીઝનલ

કોન્ફરન્સીસનું આયોજન કરી રહી છે. જે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટની સફળતા અને વારસાને આગળ વધારશે.

રીજનલ કોન્ફરન્સીસ માત્ર પ્રદેશની સિદ્ધિઓ દર્શાવવાના હેતુથી અને નવી પહેલોની જાહેરાત કરવા માટે જ નહિં, પરંતુ, ગુજરાતની વિકાસગાથાના સહ સર્જન કરવા માટેના સાધન તરીકે પણ કાર્ય કરશે અને પ્રદેશની અર્થવ્યવસ્થાને સશક્ત બનાવશે, ઇનોવેશનને પ્રોત્સાહિત કરશે અને સ્ટ્રેટેજીક ઇન્વેસ્ટમેન્ટ્સને સુવિધા પ્રદાન કરશે.

રીઝનલ વાયબ્રન્ટ ગુજરાત થકી ગુજરાતની પ્રાદેશિક કક્ષાએ ઉપસ્થિત ઔદ્યોગિક પ્રતિભાને ઉજાગર કરવા પ્રાદેશિક કક્ષાએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ જેવા ફોકસ કાર્યક્રમો યોજીને આવનાર સમયમા, ગુજરાત રાજ્યને વિશ્વની શ્રેષ્ઠ અર્થવ્યવસ્થા બનાવવા તરફ અગ્રેસર થવાની સાથોસાથ વિકસિત ભારત@૨૦૪૭ સાથે વિકસિત ગુજરાત@૨૦૪૭નુ વિઝન સાકાર કરીશું. આ ઉપરાંત,

- વૈશ્વિક વ્યાપારમાં ગુજરાત રાજ્યનું યોગદાન વધારીશું.
- ગુજરાતને એક ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવા તરફ આગળ વધીશું.
- ભારતના મેન્યુફેક્ચરિંગ પાવરહાઉસ તરીકે ગુજરાતનું સ્થાન મક્કમતાથી જાળવી રાખશું તેમજ નવા ક્ષેત્રોમાં રોકાણની તકો ઉભી કરી નવા ઔદ્યોગિક રોકાણોને આકર્ષિત કરી રોજગારી માટેની નવી તકો ઉપલબ્ધ કરીશું.
- વૉકલ ફોર લૉકલ : સ્થાનિક ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવી માનનીય વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત અભિયાનને ચરિતાર્થ કરીશું.
- એક જિલ્લો-એક ઉત્પાદન(ODOP) અંતર્ગત પ્રાદેશિક પ્રોડક્ટ્સ(પેદાશો)નું ઉત્પાદન અને વેચાણ વધારવા માટે તેમજ તેના માર્કેટીંગ અને બ્રાન્ડીંગ વધારવા માટે પણ પ્રયત્નો કરવામાં આવશે.
- ગુજરાતના દરેક જિલ્લાનો “એક્સ્પોર્ટ હબ” તરીકે વિકાસ કરીને મેન્યુફેક્ચરિંગ, ડિઝાઇનિંગ, પેકેજિંગ અને માર્કેટિંગ માટેની સુનિયોજિત ઇકોસિસ્ટમનું નિર્માણ કરીને ગુજરાતના સર્વાંગી ઔદ્યોગિક વિકાસને વેગવંતો બનાવીશું.
- ભારતના સંરક્ષણ ઉત્પાદનમાં મહત્તમ હિસ્સેદારી પ્રાપ્ત કરવા કાર્યવાહી કરીશું.
- ગુજરાતના તમામ ઇન્ક્યુબેશન સેન્ટર્સને અપગ્રેડ કરીને વધુને વધુ યુવાનોને સ્ટાર્ટઅપ્સ સ્થાપવા પ્રોત્સાહિત કરી ભારતની સૌથી વાયબ્રન્ટ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બનાવીશું.

માનનીય વડાપ્રધાનશ્રીના સ્વાવલંબી ભારતની ઝુંબેશને રીજનલ વાયબ્રન્ટ ગુજરાત થકી અર્થતંત્ર, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સિસ્ટમ, વાયબ્રન્ટ ડેમોગ્રાફી અને ડિમાન્ડ જેવા પાંચ સ્તંભના આધારે વધુ વેગવંતી બનાવવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

×× **માનનીય સભ્યશ્રી દિવ્યેશભાઇ અકબરીનો સંકલ્પ નિયમ-૧૧૭(૫)ના પરંતુકની જોગવાઇને આધીન છે.**

**વિધાનસભા ગૃહ,**
**ગાંધીનગર.**
**તારીખ:26 ફેબ્રુઆરી 2026**

**ચેતન પંડયા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**